THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
January, 2026 Vol.6(1), 119-122

# વધુ દૂધ ઉત્પાદન ધરાવતા પશુઓમાં જોવા મળતો રોગ : દુધિયો તાવ (મિલ્ક ફીવર)

[1.] **ડો. સોહીલઅબ્બાસ મોમીન**, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-મોરકંડા, તાલુકો-જામનગર, જીલ્લો-જામનગર
[2.] ડો. **ભાવિન ગોસ્વામી**, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-બેડ, તાલુકો- જામનગર, જીલ્લો-જામનગર
[3.] **ડો. પ્રતિક જોષી**, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-ખડ ખંભાળિયા, તાલુકો- લાલપુર, જીલ્લો-જામનગર
Corresponding Author: ડો. પ્રતિક જોષી
DOI:10.5281/ScienceWorld.18362412

**પ્રશ્ન: દૂધિયો તાવ (મિલ્ક ફીવર) એટલે શું?**
**જવાબ:** દુધાળા પશુઓમાં લોહીમાં કેલ્શિયમના પ્રમાણમાં ઘટાડો થવાથી દુધિયા તાવ નામનો રોગ થાય છે. આ રોગનું દૂધિયો તાવ નામ યથાર્થ નથી કારણ કે આ રોગમાં તાવ જોવા મળતો નથી તેનાથી વિપરીત શરીરના તાપમાનમાં ઘટાડો જોવા મળે છે.

**પ્રશ્ન: દૂધિયા તાવને અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે?**
**જવાબ:** દૂધિયા તાવને ગુજરાતના ભૌગોલિક વિસ્તાર પ્રમાણે અલગ અલગ નામથી જેવા કે મિલ્ક ફીવર, સુવાનો રોગ અને દૂધ જવર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**પ્રશ્ન: દુધિયા તાવ રોગથી પશુ અન્ય કઈ કઈ સમસ્યાઓનો ભોગ બની શકે છે?**
**જવાબ:** પશુઓના લોહીમાં કેલ્શિયમના પ્રમાણમાં ઘટાડો થવાના કારણે મેલી ન પડવી, માટી ખસી જવી અને પ્રસુતિ સમયે કઠણાઈ આવી શકે છે.

**પ્રશ્ન: કેવા પશુઓમાં દૂધિયો તાવ થવાની શક્યતાઓ વધુ છે?**
**જવાબ:** વધુ દૂધ ઉત્પાદન ધરાવતી ગાયની જાતો આ રોગ પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. જર્સી તથા શંકર ગાયમાં આ રોગ દેશી ઓલાદ કરતાં વધુ જોવા મળે.

પશુ કયા વેતરનું છે એ બાબત પણ આ રોગ સાથે સીધી રીતે સંકળાયેલ છે. પહેલા વેતરના પશુઓમાં આ રોગ ચાર કે તેથી વધુ વેતરવાળા પશુઓની સરખામણીમાં ઓછો જોવા મળે છે. તેનું મુખ્ય કારણ છે પશુનું દૂધ ઉત્પાદન. વધુ વેતરવાળા પશુઓમાં દૂધ ઉત્પાદન વધુ હોય છે તેમજ તે ઝડપથી લોહીના કેલ્શિયમને બદલવામાં ઓછા સક્ષમ હોય છે તેથી તેમાં મિલ્ક ફીવર રોગ નું પ્રમાણ વધુ જોવા મળે છે.

તંદુરસ્ત (ચરબીવાળા) પશુમાં આ રોગની સંભાવના પાતળા પશુ કરતાં વધુ હોય છે.

**પ્રશ્ન: જાગૃત પશુપાલકો પોતાના ગાભણ જાનવરની ખૂબ જ કાળજી લેતા હોય છે. આવા પશુપાલકોને હંમેશા એક પ્રશ્ન ખૂબ જ મુંઝવતો હોય છે કે તેઓ તેમના જાનવરોને વિયાણના લાંબા સમય પહેલા શક્તિના (કેલ્શિયમ) ના બાટલા (દવા) પીવડાવે છે. છતાંય તેમના જાનવરો વિયાણ પછી દુધિયા રોગનો ભોગ બને છે કે વારંવાર ઠંડા પડી જાય છે. આ પાછળ શું કારણ હોઈ શકે?**


Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 16/01/2026

**જવાબ:** આ બાબતને સ્પષ્ટ કરવા માટે શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ કેવી રીતે જળવાઈ રહે તે સમજી લઈએ.

લોહીમાં કેલ્શિયમનું નિયંત્રણ મુખ્યત્વે ત્રણ હોર્મોન્સ કેલ્સીટોનીન, પેરાથોર્મોન અને વિટામીન ડી કરે છે જે પૈકી કેલ્શિટોનીન લોહીમાંથી કેલ્શિયમ ઘટાડવાનું કાર્ય, પેરાથોર્મોન કેલ્શિયમ વધારવાનું અને વિટામીન ડી આંતરડામાંથી કેલ્શિયમનું શોષણ વધારવાનું કાર્ય કરે છે. શરીરમાં એવું સતુલન હોય છે કે, જયારે કેલ્શિટોનીન વધે ત્યારે પેરાથોર્મોન ઘટે અને જયારે પેરાથોર્મોન ઘટે ત્યારે હાડકાથી લોહીમાં સ્થાનાંતરણ ઘટે અને આંતરડામાં કેલ્શિયમનું શોષણ પણ ઘટે. આંતરડામાંથી કેલ્શિયમના શોષણનો આધાર વિટામીન ડી પર પણ રહે છે. પરિણામે કેલ્શિયમની શરીરમાં આવક સામે જાવક વધતાં લોહીના કેલ્શિયમના પ્રમાણમાં એકદમ ઘટાડો થાય છે.

પરિણામે હવે વિયાણ વખતે શું બને છે તે જોઈએ. વિયાણ પહેલા ખાસ કરીને છેલ્લા માસમાં ઉચું ઉત્પાદન આપતી ગાયના ગર્ભના કેલ્શિયમની જરૂરિયાત ૦.૮ ગ્રામ/ કલાક હોય છે. આ જ જાનવરમાં વિયાણ પછી દૂધમાં કેલ્શિયમ ૧ ગ્રામ/કલાકના દરે અથવા ૧.૨ ગ્રામ/ લીટર દૂધ ઉત્પાદનના દરે વહેવા માડે છે. સામે પક્ષે પશુના લોહીમાં તાત્કાલિક ઉપયોગમાં આવી શકે તેવા કેલ્શિયમનું પ્રમાણ માત્ર ૪ થી ૮ ગ્રામનું જ હોય છે.

વિયાણ વખતે વધારાનું કેલ્શિયમ સામાન્ય રીતે હાડકામાંથી મેળવાતું હોય છે. પરંતુ ઉપરોક્ત કેલ્શિયમ તાત્કાલિક મળી રહે તે માટે શરીરમાં કેલ્શિટોનીન નહી પરંતુ પેરાથોર્મોનનું પ્રમાણ વધારે હોવું જરૂરી છે. જેથી જે જાનવરો વિયાણ વખતે તાત્કાલિક ધોરણે હાડકામાંથી જરૂરિયાત પૂરતું કેલ્શિયમ મેળવી શકતા નથી તેઓ દૂધિયા રોગનો ભોગ બને છે. જે પશુઓમાં વિયાણ પહેલા કેલ્શિયમ ઓછું હોય તે જાનવરોમાં પેરાથાઈરોઈડ ગ્રંથી સક્રિય રહે છે. એવા જાનવરોમાં પેરાથોર્મોન અંતઃસ્રાવ પુરતા પ્રમાણમાં મળી રહેતાં વિયાણ સમયે હાડકાંમાંથી કેલ્શિયમનું સ્થાનાંતરણ ઝડપથી થઈ શકે છે. પરિણામે આવા જાનવરોમાં વિયાણ પછી લોહી અને દૂધમાં કેલ્શિયમનું સંતુલન બની રહેતાં મિલ્ક ફીવરનો ભોગ બનતાં નથી. આ સમજણનો સંદેશ સ્પષ્ટ છે કે વિયાણ પહેલા ખાસ કરીને છેલ્લા મહિનાથી ૧૫ દિવસમાં જયારે ખોરાક કે શકિતની દવા સ્વરૂપે પશુમાલિકે શરીરમાં ઉંચા પ્રમાણમાં કેલ્શિયમ આપ્યું હોય ત્યારે આવા જાનવરોમાં કેલ્શિયમનું પ્રમાણ વધે છે. જેથી પેરાથાઈરોઈડ ગ્રંથિ નિષ્ક્રિય થઈ જતાં વિયાણ સમયે કેલ્શિયમનું લોહીમાં સ્થાનાનતરણ થતા સમય લાગે છે. જે ગાળામાં લોહીમાંથી કેલ્શિયમનું પ્રમાણ ઝડપથી નીચું જતાં દૂધિયા રોગનો ભોગ બને છે.

આનો અર્થ એ થયો કે, આપણે વિયાણ અગાઉના એક મહિના સુધીના ગાળામાં વધારાનું કેલ્શિયમ પુરુ પાડીએ છીએ તે યોગ્ય નથી. તે માત્ર પૈસા ખર્ચીને રોગને નોતરવા જેવી બાબત છે. આનો અર્થ એ પણ નથી કે કેલ્શિયમ ન જ પીવડાવવું, માત્ર વિયાણ પછી દૂધમાં વહી જતાં કેલ્શિયમની પુર્તતા માટે વધારાનું કેલ્શિયમ બહારથી પુરુ પાડવું જરૂરી છે.

**પ્રશ્ન: આ રોગના લક્ષણો શું હોય છે?**

**જવાબ:** આ રોગ વિયાણ બાદ સામાન્ય રીતે ૭૨ કલાકમાં થાય છે. સામાન્ય રીતે પશુના પેશાબનો પી.એચ. ૬.૫- ૭ ની વચ્ચે/આસપાસ હોવો જોઈએ. આનાથી વધુ પી.એચ. દેખાય તો મીલ્ક ફીવરની નિશાની છે તેમ કહી શકાય. આ રોગના લક્ષણોને ચિન્હોના આધારે ત્રણ તબક્કામાં વિભાજીત કરી શકાય છે:

**પ્રથમ તબક્કો :** આ તબક્કાનો સમયગાળો ટૂંકો હોવાને કારણે ઘણીવાર તેના લક્ષણો દેખાતા નથી. આ તબક્કનો સમયગાળો એક (૧) કલાક થી પણ ઓછો હોય છે. ભૂખ ઓછી લગાવી, ઉત્તેજના, ગભરાહટ, અતિ સંવેદનશીલતા, નબળાઈ વગેરે ચિન્હો આ તબક્કામાં જોવા મળે છે.

**બીજો તબક્કો :** આ તબક્કાનો સમયગાળો ૧ થી ૧૨ કલાકનો હોય છે. અસરગ્રસ્ત પશુ નીચે બેસી જાય છે તથા તેનું માથું આગળના પગ પર મૂકી રાખે છે. પશુ નિસ્તેજ દેખાય છે તથા શરીર ખાસ કરીને કાન ઠંડા પડી જાય છે. આ તબક્કા દરમ્યાનના અન્ય ચિન્હોમાં પશુની પાચનશક્તિ મંદ પડી જવાથી કબજિયાતની સમસ્યા ઉદ્ભવે છે. શરીરનું તાપમાન ૯૬.૯° ફેરનહીટથી ૧૦૦° ફેરનહીટ સુધી હોય છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 16/01/2026

**ત્રીજો તબક્કો :** આ તબક્કો પશુ માટે વધુ ઘાતક સાબિત થાય છે. પશુની ઉભા રહેવાની અસમર્થતા અને ચેતાતંતુના નુકસાનના કારણે પશુ કોમા તરફ ચાલ્યું જાય છે. પશુ જમીન પર બેસી જાય છે તથા માથું વાળીને શરીર પર અડાળેલ (S Curve) રાખે છે જે મિલ્ક ફીવર રોગનું મહત્ત્વનું લક્ષણ છે. હૃદયના અવાજો લગભગ અશ્રાવ્ય બની જાય છે અને હૃદયના ધબકારા દર મિનિટમાં ૧૨૦ અથવા તેથી વધુ થાય છે.

**પ્રશ્ન: શું દૂધિયા તાવ થી પશુનું મૃત્યું થઇ શકે છે?**
જવાબ: હા, ત્રીજા તબક્કામાં પશુને સમયસર સારવાર ન મળે તો તેનું મૃત્યુ થવાની સંભાવના રહેલી છે.

**પ્રશ્ન: દૂધિયો તાવ થાય ત્યારે પશુને ડાઉનર્સ કાઉ થતી અટકાવા માટે શું કરવું જોઈએ?**
**જવાબ:** એકવાર જાનવર બેસી જાય કે આડું પડી જાય પછી આડઅસરો વધી જાય છે અને ઘણીવાર યોગ્ય સારવાર છતાં પણ જાનવર સ્નાયુઓને ઈજા થવાને કારણે ઉભાં થઇ શકતા નથી. જે જાનવરો બે થી ત્રણ સારવાર પછી પણ ઉભા થઈ શક્તા નથી તેમને ડાઉનર્સ કાઉ કહેવામાં આવે છે. તમારા પશુને દૂધિયો તાવ રોગ થાય ત્યારે ડાઉનર્સ કાઉ થતી બચાવવા માટે વહેલી તકે સારવાર કરાવવી જોઈએ, ડોકટર આવે ત્યાં સુધી ઘાસની પથારી કરવી, દર કલાકે પડખું ફેરવવું જેથી સ્નાયુઓ જકડાઇ જાય નહીં.

**પ્રશ્ન: આ રોગ પશુપાલકને આર્થિક રીતે કઈ રીતે અસર કરે છે?**
**જવાબ:** દૂધિયા તાવની સારવાર માટેનો ખર્ચ, દૂધ ઉત્પાદનમાં ઘટાડો તેમજ અમુક સંજોગોમાં થતા પશુમૃત્યુંના લીધે પશુપાલકોને આર્થીક નુકશાન ભોગવવું પડે છે.

**પ્રશ્ન: આ રોગની સારવાર શું છે?**
**જવાબ:** રોગના ચિન્હો જોયા બાદ તુરંત પશુચિકિત્સકનો સંપર્ક કરી સારવાર કરાવડાવી જોઈએ. સારવારથી તાત્કાલીક લાભ થાય છે. સારવાર ન કરાવવાથી પશુનું મૃત્યુ થઈ શકે છે.

પશુ ચિકિત્સક દ્વારા કેલ્શિયમ બોરોગ્લુકોનેટ (૪૦% સોલ્યુશન) દ્રાવણને નસમાં આપવાથી પશુમાં શક્તિનો સંચાર થતા તુરત જ ઉભું થઈ વાગોળવા માંડે છે.

પશુ જ્યારે આ રોગમાં નીચે બેસી જાય ત્યારે તેના માટે નીચે ઘાસની પથારી કરવી તેમજ દર કલાકે પશુનું પડખું ફેરવવું જેથી સ્નાયુ જકડાઈ ન જાય.

આ રોગની સારવાર બાદ પશુનું ૨૪ કલાક સુધી દોહન કરવું જોઈએ નહિ અને ત્યાર પછી દૂધના દોહનની માત્રામાં આગામી ૨-૩ દિવસમાં ધીમે ધીમે વધારો કરવોજોઈએ

**પ્રશ્ન: ઘણીવાર સારવાર કર્યા પછી જાનવર તાત્કાલિક તો સુધારો બતાવે છે પરંતુ થોડાક જ સમય પછી પુનઃ ઉથલો મારી ઠંડુ પડી જાય છે આ ઉથલો મારવા પાછળ શું કારણ હોઈ શકે? અને પશુ પુનઃ ઉથલો ન મારે તેના માટે શું કરી શકાય?**
**જવાબ:** ઉથલો મારવાનું કારણ આપણે આગળ વાત કરી એ મુજબ હાડકાંમાંથી કેલ્શિયમના સ્થાનાંતરણમાં થતી ઢીલ જ જવાબદાર હોય છે. આવા સમયે કુલ માત્રા પૈકી અડધું કેલ્શિયમ નસમાં તથા અડધું ચામડીની નીચે આપવામાં આવે તો સારુ પરિણામ મળે છે. જાનવર આડું ન પડ્યું હોય ત્યારે અથવા ઉભું થાય તે પછી મોઢે થી પણ કેલ્શિયમ આપી શકાય. આવા કિસ્સાઓમાં મોઢેથી લગભગ ૫૦ ગ્રામ જેટલું વિલાયતી મીઠું પણ આપી શકાય પરંતુ એક થી વધુ સારવાર પછી પણ જાનવર ઉભું ન થતું હોય ત્યારે જાનવરને વિયાણ દરમ્યાન નસની કોઈ ઈજા તો નથી થઈ તે ચેક કરી લેવું.

**પ્રશ્ન: દૂધિયા તાવને થતો કઈ રીતે અટકાવી શકાય?**
**જવાબ:** આ રોગને થતો અટકાવવા માટે પશુના આહારનું નિયંત્રણ ખૂબ જ મૂલ્યવાન સાબિત થાય છે. પશુના વિયાણના એક મહિના પહેલા વધુ કેલ્શિયમવાળો ખોરાક આહારમાં આપવો જોઈએ નહિ.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 16/01/2026*

વિયાણ પહેલાના ૧૨ થી ૨૪ કલાકના ગાળામાં તથા વિયાણ બાદના ૪૮ કલાકના ગાળામાં જો ૪૦ થી ૫૦ ગ્રામ કેલ્શીયમના ૩ થી ૪ ડોઝ પીવડાવવામાં આવે તો દૂધિયો તાવ (મિલ્ક ફીવર) થવામાં ખૂબ જ ઘટાડો જોવા મળે છે.

વિયાણના ૩ અઠવાડીયા પહેલા એમોનીયમ ક્લોરાઇડ અને મેગ્નેશીયમ સલ્ફેટ ૫૦ થી ૧૦૦ ગ્રામ/દિન/પશુ આપવું જોઈએ. કેટલાક પશુને ૨૪ થી ૪૮ કલાકમાં ફરી ઊથલો મારે છે જેની ફરી સારવાર કરાવવી જોઈએ.

તમારા પશુને મિલ્ક ફીવર પ્રત્યેક વેતરે થતો હોય તો પશુચિકિત્સકને બોલાવી તેમની સલાહ મુજબ ઈન્જેકશન મુકાવી રોગ અટકાવી શકાય છે.

પશુને આહારમાં આપવામાં આવતો ઘાસચારો કયા પ્રકારનો છે તે બાબત પણ આ રોગ સાથે સીધી રીતે સંકળાયેલ છે. તેથી મોટી ઉંમરના પશુઓમાં વિયાણના બે - ત્રણ અઠવાડિયા પહેલા કેલ્શિયમનું પ્રમાણ ઓછું કરવા માટે રજકો, ચોળી, જેવા વધારે કેલ્શિયમ ધરાવતા ઘાસચારાનું પ્રમાણ ઓછું કરી ફોસ્ફરસનું ઉચું પ્રમાણ ધરાવતા સુકા ઘાસચારાનું પ્રમાણ વધારવું.

આ રોગને થતો અટકાવવામાં વિટામીન-ડી ખૂબ જ જરૂરી છે. જેથી પશુના રહેઠાણનું આયોજન એવી રીતે કરવું જેથી પશુને દિવસ દરમ્યાન પુરતી માત્રામાં સૂર્યપ્રકાશ મળી રહે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com

*Published 16/01/2026*